**મહે. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, સુરત**

**ફોજદારી કેસ નં.૪૭૦૯/૨૦૨૫**
**આંકઃ ૦૫**

**ફરિયાદીઃ** શ્રી સરકાર

વિરુદ્ધ

**આરોપીઓઃ** **ફારૂક ઈસ્માઈલ શેખ**

**ગુનોઃ જુગાર ધારા કલમઃ ૧૨ (અ) મુજબ.**

## -// ચુકાદો //-

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સમયે અને સ્થળે પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ વરલી મટકાનો જુગાર રમી/રમાડી ઝડપાઈ જઈ આરોપીએ જુગાર ધારાની કલમઃ૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરતા તે બદલની ફરિયાદ સલાબતપુરા પો.સ્ટે. બી પાર્ટ ગુના રજી.નં. ૧૧૨૧૦૦૧૫૨૪૧૩૩૬/૨૦૨૪ થી નોંધાતા ગુનાની તપાસના અંતે આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી વિરુદ્ધ નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે આરોપીને સમન્સ કરવામાં આવતા ઉપરોકત જણાવેલ આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા ક્રિમી. પ્રોસી. કોડની કલમ-૨૦૭ અન્વયે તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબૂલ કરવા માંગતા હોવાની કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે અને આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે આરોપીની આ રાજીખુશીથી કરેલી કબૂલાત હોઈ, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબૂલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભૂલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીની કબૂલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-ઃ હુકમ ઃ-**

૧. આ કામના ઉપરોકત જણાવેલ આરોપી **ફારૂક ઈસ્માઈલ શેખ**ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૨ અન્વયે જુગારધારા કલમ-૧૨ (અ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ.૫૦૦/- પૂરાનો દંડ કરવામાં

આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દિન ૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીની અંગજડતીમાંથી કબજે કરેલ રોકડ રકમ આરોપી ને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા મુદ્દામાલ પાવતીમાં જણાવેલ અન્ય મુદ્દામાલ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી પાસેથી દંડ પેટે કુલ રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચ સો પુરા ) વસૂલ લેવા.

હુકમ આજ તા.૦૮–૦૩–૨૦૨૫ ના રોજની સ્પે.સિટિંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮–૦૩–૨૦૨૫
સુરત.

(એન.જી.પરમાર)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સુરત.
(GJ 00869)